* B P - 0 0 4 - 0 1 6 1 0 1 *

# BP-004-016101

Seat No. ________

## B. Ed. (Basic) (Sem. I) Examination

**March - 2021**

## CC-1 A : Childhood and Growing Up

**Faculty Code : 004**
**Subject Code : 016101**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**1** નીચે આપેલ 40 બહુવિકલ્પી પ્રશ્નો પૈકી કોઈ પણ 20ના ઉત્તર આપો. **30**

(1) સ્મૃતિનો ઉદ્‌ભવ કઈ પ્રક્રિયામાંથી થાય છે ?

(A) અધ્યયન (B) રમત-ગમત

(C) અનુકૂલન (D) ભય

(2) બચાવ પ્રયુક્તિઓનો અતિરેક શા માટે નુકસાનકારક છે ?

(A) તેથી હતાશા દૂર થાય છે.

(B) તેથી તંગદિલી ઘટે છે.

(C) વ્યક્તિના વર્તનમાં વિકૃતિ આવે છે.

(D) વ્યક્તિનું વૈફલ્ય ઘટે છે.

(3) સિદ્ધિ પ્રેરણાનો સિદ્ધાંત કયા મનોવૈજ્ઞાનિકે આપ્યો છે ?

(A) ડેવિડ સી. મેકલેલેન્ડ (B) હરમન રાશા

(C) થોર્નડાઈક (D) મેકડુગ્લ

(4) નીચેનામાંથી કયું લક્ષણ વિકાસનું નથી ?

(A) નિરંતર ચાલતી પ્રક્રિયા

(B) અત્યંત સંકુલ ઘટના

(C) ચોક્કસ સમયે અટકી જાય

(D) વિકાસ માટે વૃદ્ધિ અનિવાર્ય છે

(5) શિક્ષણને બાળકેન્દ્રી બનાવવામાં કયા વિજ્ઞાનનો ફાળો મહત્ત્વનો છે ?

(A) જીવવિજ્ઞાન (B) મનોવિજ્ઞાન

(C) પદાર્થવિજ્ઞાન (D) વનસ્પતિવિજ્ઞાન

(6) અભિક્રમિક અધ્યયન અધ્યાપનના કયા સિદ્ધાંત ઉપર આધારિત છે ?

(A) શાસ્ત્રી અભિસંધાન

(B) કારક અભિસંધાન

(C) પ્રયત્ન કરેલ ભૂલ કારા અધ્યયન

(D) અંતઃસ્ફૂરણા

(7) નીચેનામાંથી કઈ જરૂરિયાત શારીરિક જરૂરિયાત નથી ?

(A) ભૂખ (B) તરસ

(C) પ્રેમ (D) ઊંઘ

(8) તરુણોને કયું શિક્ષણ આપવાનું મનોવિજ્ઞાન સૂચવે છે ?

(A) આરોગ્ય શિક્ષણ (B) વર્તનનું શિક્ષણ

(C) જાતીય શિક્ષણ (D) વિનયનું શિક્ષણ

(9) તરુણ-તરુણીઓની કયા પ્રકારની જરૂરિયાત ન સંતોષાય ત્યારે મા-બાપ સાથે સંઘર્ષ થાય છે ?

(A) સ્વાતંત્ર્ય (B) સલામતી

(C) શારીરિક (D) માનસિક

(10) પાવલોવે તેના શાસ્ત્રીય અભિસંધાનના પ્રયોગો કયા પ્રાણી ઉપર કર્યા હતાં ?

(A) ઉંદર (B) બિલાડી

(C) કૂતરો (D) ચિમ્પાન્ઝી

(11) પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયનનો સિદ્ધાંત શોધવા કઈ મનોવિજ્ઞાનની પદ્ધતિનો ઉપયોગ થયો હતો ?

(A) અવલોકન પદ્ધતિ (B) વ્યક્તિ-અભ્યાસ પદ્ધતિ

(C) મુલાકાત પદ્ધતિ (D) પ્રયોગ પદ્ધતિ

(12) એક વ્યક્તિ જલ્દી બીજાઓ સાથે ભળતી નથી પરંતુ ધીમે ધીમે મળે છે અને અન્યથી અલિપ્ત પણ નથી. આ વ્યક્તિનું વ્યક્તિતત્વ કેવું ગણાય ?

(A) બહિર્મુખી (B) અંતર્મુખી

(C) ઉભયગુણી (D) ચોક્કસ કહી ન શકાય

(13) તેજસ્વી કે મેધાવી બાળકોને અપવાદરૂપ બાળકો ગણી શકાય ?

(A) હા (B) ના

(C) ક્યારેક હા (D) ઉપરનું એકેય નહિ

(14) મનોવિજ્ઞાન શાનું વિજ્ઞાન છે ?

(A) આત્માનું (B) મનનું

(C) ચેતનાનું (D) વર્તનનું

(15) વ્યક્તિ બાહ્ય કે આંતરિક અવરોધોને કારણે ઇચ્છિત લક્ષ્ય પ્રાપ્ત ન કરી શકે ત્યારે શાનો ભોગ બને છે ?

(A) ઈર્ષા (B) ટીકા

(C) હતાશા કે વૈફલ્ય (D) ક્રોધ

(16) જેને સામાન્ય બુદ્ધિઆંક ગણીએ તે બુદ્ધિઆંક કેટલો હોય છે ?

(A) 120થી વધારે (B) 60થી ઓછો

(C) 100 (D) 140

(17) વ્યક્તિગત તફાવતોને સંતોષવા નીચેનામાંથી કઈ પદ્ધતિ સૌથી વધારે યોગ્ય છે ?

(A) કથન (B) કથન-ચર્ચા

(C) જૂથ અધ્યયન (D) નિદર્શન

(18) 'લાંબો સમય ન ઊંઘવા દેવાથી વ્યક્તિના વર્તનમાં શું પરિવર્તન થાય' એ અભ્યાસ માટે કઈ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ ઉપયોગી છે ?

(A) આંતર નિરીક્ષણ (B) અવલોકન

(C) પ્રશ્નાવલી (D) મુલાકાત

(19) નીચેનામાંથી કઈ સ્મૃતિ ઇચ્છનીય નથી ?

(A) લાંબી સ્મૃતિ (B) તાર્કિક સ્મૃતિ

(C) ગોખણપટ્ટી આધારિત (D) સારી સ્મૃતિ

(20) બુદ્ધિની સર્વ સામાન્ય વ્યાખ્યા આપી શકાય નહિ કારણ કે બુદ્ધિ...

(A) જટીલ છે (B) સરળ છે

(C) અસ્પષ્ટ છે (D) માપી શકાય છે

(21) સંકલિત શિક્ષણ કાર્યક્રમ કયાં બાળકો માટે છે ?

(A) પછાત વર્ગના (B) આદિવાસી

(C) અપવાદરૂપ (D) હસમુખા

(22) કઈ શિક્ષણ પદ્ધતિથી શિક્ષણ આપતાં વ્યક્તિગત તફાવતો સંતોષી શકાય ?

(A) વ્યાખ્યાન (B) મુલાકાત

(C) અભિક્રમિત અધ્યાપન (D) વાર્તા કથન

(23) કોઈ ઘટના બન્યા પછી વ્યક્તિને તે થોડા સમય માટે જ યાદ રહે છે, આવી સ્મૃતિ કયા પ્રકારની સ્મૃતિ ગણાય છે ?

(A) ટૂંકી સ્મૃતિ (B) લાંબી સ્મૃતિ

(C) અનિશ્ચિત સ્મૃતિ (D) નિશ્ચિત નથી

(24) ઘંટડી વગાડવાથી કૂતરાના મોંમાંથી લાળ ઝરે છે, આવું કયા પ્રકારના અધ્યયનમાં થાય છે ?

(A) કારક અભિસંધાન અધ્યયન

(B) શાસ્ત્રીય અભિસંધાન અધ્યયન

(C) પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન

(D) અંતઃસ્ફૂરણાથી અધ્યયન

(25) અન્ય સાથેની હરીફાઈ કયા પ્રકારની પ્રેરણા છે ?

(A) શૂન્ય (B) હકારાત્મક

(C) નકારાત્મક (D) કશું ન કહી શકાય

(26) કોને બુદ્ધિ માપનના પિતા ગણવામાં આવે છે ?

(A) સાયમન (B) સર આલ્ફ્રેડબિને

(C) સિરિલબર્ટ (D) સ્પિઅરમેન

(27) વિદ્યાર્થીનો ભાષા વિકાસ એ કયા પ્રકારનો વિકાસ છે ?

(A) શારીરિક (B) માનસિક

(C) સાંવેગિક (D) ચેષ્ટાત્મક

(28) માનવજીવનની કઈ અવસ્થાને મનોવૈજ્ઞાનિકો જીવનની વસંત ગણે છે ?

(A) બાલ્યાવસ્થા (B) કિશોરાવસ્થા

(C) યુવાવસ્થા (D) તરુણાવસ્થા

(29) વૃદ્ધિ કોને કહેવામાં આવે છે ?

(A) વજન વધે તેને (B) કદ વધે તેને

(C) આકાર વધે તેને (D) પ્રગતિશીલ ફેરફારને

(30) શાસ્ત્રીય અભિસંધાનના પ્રેરતા કોણ હતાં ?

(A) સ્કિનર (B) પાવલોવ

(C) મેકલેલેન્ડ (D) થોર્ન ડાઈક

(31) તરુણાવસ્થા કોનામાં વહેલી શરૂ થાય છે ?

(A) છોકરાઓ (B) છોકરીઓ

(C) બંનેમાં સાથે (D) નક્કી ન કરી શકાય

(32) સ્મૃતિને નીચેનામાંથી કઈ બાબત સાથે સંબંધ છે ?

(A) શીખવાની પદ્ધતિ (B) ધારણા

(C) શીખવાની વસ્તુમાં રસ (D) ગોખણપટ્ટી

(33) શારીરિક વિકાસ સામાન્ય રીતે કઈ ઉંમરે પૂર્ણ થઈ જાય છે ?

(A) 16-વર્ષ (B) 20-વર્ષ

(C) 25-વર્ષ (D) 50-વર્ષ

(34) ડેવિડ મેકલેલેન્ડ કયા સિદ્ધાંત સાથે સંકળાયેલો છે ?

(A) અધ્યયન (B) અંતઃસ્ફૂરણા

(C) સંક્રમણ (D) સિદ્ધ પ્રેરણા

(35) નીચેનામાંથી કયું પરિબળ અધ્યયન ઉપર વિપરીત અસર કરે છે ?

(A) અતિ અધ્યયન (B) પુનરાવર્તન

(C) તત્પરતા (D) અભિપ્રેરણા

(36) વ્યક્તિગત તફાવતોને સંતોષવા નીચેનામાંથી કઈ પદ્ધતિ સૌથી વધારે યોગ્ય છે ?

(A) નિદર્શન (B) કથન-ચર્ચા

(C) કથન (D) જૂથ અધ્યયન

(37) માનસિક રીતે પછાત બાળકોને કઈ રીતે ઓળખી શકાય ?

(A) સિદ્ધિ કસોટી દ્વારા

(B) વાચન કસોટી દ્વારા

(C) બુદ્ધિ કસોટી દ્વારા

(D) સામાન્ય અવલોકન દ્વારા

(38) અંધત્વ ધરાવતાં બાળકોને વાંચવા માટે કઈ લિપિનો ઉપયોગ થાય છે ?

(A) અંગ્રેજી (B) વિશિષ્ટ

(C) બ્રેઈલ (D) અસામાન્ય

(39) જેનો બુદ્ધિઆંક 140થી વધુ હોય એવાં બાળકો મનોવિજ્ઞાનની પરિભાષામાં કયા નામે ઓળખાય છે ?

(A) મેધાવી (B) સામાન્યથી ચઢિયાતો

(C) સામાન્ય (D) સામાન્યથી ઉતરતાં

(40) અભિયોગ્યતા કસોટીઓ શું માપે છે ?

(A) ટેવો (B) બુદ્ધિ

(C) વિશિષ્ટ શક્તિઓ (D) વલણ

**2** નીચે આપેલા 16 પ્રશ્નો પૈકી કોઈ પણ 8ના ઉત્તર આપો. **40**

(1) તરુણોને જાતીય શિક્ષણ આપવું જોઈએ ? શા માટે ?

(2) વિકાસની લાક્ષણિકતાઓ જણાવો.

(3) અભિપ્રેરણા એટલે શું ? અભિપ્રેરણા પર અસર કરતાં પરિબળો ટૂંકમાં સમજાવો.

(4) શૈક્ષણિક મનોવિજ્ઞાનનું સ્વરૂપ ટૂંકમાં વર્ણવો.

(5) વર્ગમાં વ્યક્તિગત તફાવતો સંતોષવા શિક્ષક તરીકે તમે શું કરશો ?

(6) અવલોકન પદ્ધતિના પ્રકાર જણાવી કોઈ પણ એક પ્રકાર વિશે લખો.

(7) અપવાદરૂપ બાળકો એટલે શું ? અપવાદરૂપ બાળકોના પ્રકારો જણાવો.

(8) અધ્યયનને અસર કરતાં શાળા સંબંધી પરિબળોમાંથી બે પરિબળો વિશે ચર્ચા કરો.

(9) સિદ્ધિ પ્રેરણા એટલે શું ? સિદ્ધિ પ્રેરિત વ્યક્તિનાં લક્ષણો વર્ણવો.

(10) શાળાના વિદ્યાર્થીઓની બુદ્ધિ માપવા માટે તમે બુદ્ધિ કસોટીની પસંદગી કરવામાં કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખશો ?

(11) વૃદ્ધિ ઉપર પરિપક્વતાની અસર જણાવો.

(12) અધ્યયન સંક્રમણના પ્રકાર વિગતે લખો.

(13) સમસ્યાત્મક તરુણ-તરુણીઓના વર્તન દોષોનાં નામની યાદી તૈયાર કરો.

(14) સ્મૃતિ અને અધ્યયન વચ્ચેનો સંબંધ વર્ણવો.

(15) પાવલોવનો શાસ્ત્રીય અભિસંધાનનો પ્રયોગ વર્ણવો.

(16) સારી સ્મૃતિનાં લક્ષણો જણાવો.